# બંધ મોંનું સ્મિત

"દિનુભાઈ, એક મિનિટ..." રસ્તાની સામે પારથી બૂમ પાડી હતી, દિનુ ઊભો રહી ગયો. બે-ચાર તોતિંગ બસ, રિક્ષાઓ અને મોટરકાર પસાર થઈ ગયાં. પછી સામે જોયું તો બત્તીના થાંભલા નીચે નંદન ઊભો-ઊભો એની સામે જોઈને હસતો હતો. હસવાનું એવું, ખૂબ જ નિકટતાભર્યું, અમસ્તુંય નંદન મોં બીડીને સ્મિત કરે ત્યારે ખૂબ  મોટાઈથી ભર્યો-ભર્યો લાગતો. દિનુએ સામે જોયું એટલે નંદને આંગળીથી ઇશારો કર્યો. દિનુએ જવું જ પડ્યું.

"કાં?" દિનુએ "કેમ છો?"ના અર્થમાં પૂછ્યું.

"એક જરા ત્રીસેક રૂપિયા ખિસ્સામાં હશે?" નંદને પૂછ્યું.

બે-ચાર સંવાદોને અંતે નંદને માગણી કરી હોત તો જરા દૂરના લાગતા સંબંધોમાં ગોઠવી-ગોઠવીને વાત કરી એવું લાગત. પણ "કાં?"ના જવાબમાં બહુ નિખાલસ સ્પષ્ટ વાત આવી હતી, "મારે જરા એક ઍરબૅગ લેવી છે. સામેની દુકાનમાંથી, એટલે..." નંદન બંધ મોંએ મલક્યો, "બપોરે ઘેર ગયો ત્યારે પૅન્ટ બદલ્યું, એમાં પૈસા રહી ગયા." આટલું બધું બોલવા છતાં પોતે પૈસા નથી કાઢી આપતો એ બદલ દિનુને દિલગીરી થઈ. કેટલી મોટી ફર્મનો ટાઇપિસ્ટ, એની પાસે ત્રીસ રૂપિયા ઉછીના માગતો હતો. સરસ તક કહેવાય. દિનુએ ગજવાં ફંફોળ્યાં. પૂછ્યું, "વધારે જોઈએ છે?"

નંદને સ્મિત કરીને બહુ મોટાઈપૂર્વક ના પાડી. પછી બોલ્યો, "કાલે પહોંચાડી દઈશ..."

"અરે... અરે..." પછી શું બોલવું? દિનુ શરમ અનુભવી રહ્યો. અંતે એ બોલ્યો "અરે હવે આપ્યા જ છે... એમાં શું?"

"ના રે ના..." નંદને નમ્રતાપૂર્વક ડોક હલાવી, "વહેવારે વાત

છે ને?" થોડી આડીઅવળી વાત કરીને દિનુએ બસ પકડી લીધી. ચંપલ હવે થોડા દિવસ પછી લેવાશે. એમાં શું? નંદનભાઈ જેવો માણસ આ રીતે સંબંધ બાંધે એ પણ બહુ કહેવાય. નહીંતર ક્યાં ઝાઝી ઓળખાણ હતી? રતિભાભી મારફત બે-ચાર વાર મળેલા એટલું જ ને?

થોડા દિવસે એકાએક નંદનનો ફોન આવ્યો! "સૉરી હોં દિનુભાઈ, તમારા પૈસા..."

"હવે બીજી વાત કરો નંદનભાઈ, પૈસા ક્યાં ભાગી જવાના છે? અને ન આપ્યા તોય શું?"

"એવું હોય..." નંદનભાઈ કાનમાં બોલતા હોય એમ બોલ્યા, "પૈસા અને મિત્ર, એમાં ચોખ્ખો એની જીત."

"કવિ લાગો છો, તમે તો નંદનભાઈ."

"કવિ થાત પણ હવે ચાન્સ નથી. પ્રમોશન મળ્યું છે, આજ સેક્રેટરીની પોસ્ટ મળી. જવાબદારી વધી."

"કૉન્ગ્રેચ્યુલેશન્સ," દિનુ ઉત્સાહમાં આવીને બોલ્યો, "મોટી પોસ્ટ પર આવ્યા પછી નાના મિત્રોને ભૂલી નહીં જતા અને હા, પાર્ટી ક્યારે?"

નંદનભાઈએ ખરેખર પાર્ટીમાં એને બોલાવ્યો. પોતાના સહકાર્યકરો વચ્ચે દિનુનું માન વધે એવી રીતે એની ઓળખાણ કરી, "નાની પોસ્ટ પર છે, પણ એમના સાહેબ એમને પૂછીને પાણી પીએ."

લગભગ બસો-અઢીસો ખર્ચી નાખ્યા હશે નંદનભાઈએ. દિનુ જવા માટે રજા લેવા ગયો ત્યારે બારણા સુધી વળાવવા આવ્યા. બારણા પાસે એકાએક એને યાદ આવ્યું હોય એમ ગજવામાં હાથ નાખ્યો. સોની નોટ નીકળી. દિનુને યાદ તો હતું પણ યાદ છે એમ કબૂલ કરતાં શરમ આવતી હતી. એ બોલ્યો, "શું છે નંદનભાઈ?"

"આ તમારા પૈસા... સોની નોટ રાખો... સિત્તેર પાછા ગમે ત્યારે..."

"રાખો હવે..." દિનુએ એમનો હાથ પાછો ઠેલવવાની ચેષ્ટા

હવામાં જ કરી, "પછી લઈ લઈશ"..." નંદનભાઈ બોલ્યા નહીં. સોની નોટને ભૂંગળીની જેમ વાળીને બેપરવાઈથી રમતા રહ્યા.

નંદનભાઈ ખરેખર સારા માણસ તો હતા જ, પણ ખૂબ જ કાર્યદક્ષ પણ નીકળ્યા. દિનુ હજી માંડ ક્લાર્ક થયો ત્યાં ત્રણેક વરસમાં તો નંદનભાઈ પેલી પેઢીમાં મૅનેજર બની ગયા. એમને બંગલો-ગાડી અને ફર્નિચર મળ્યાં હતાં. કંપનીએ એને જે કંઈ આપ્યું હતું એમાં છુટ્ટે હાથે પોતાના પૈસા ખર્ચીને એમણે સારી સજાવટ કરી હતી. ઝભ્ભા-લેંઘામાંથી સફારી ઉપર આવી ગયા હતા. ક્યારેક મોટરમાં દિનુને લિફ્ટ પણ આપતા. ત્રીસ રૂપિયાની વાત યાદ કરવાનો તો કોઈ પ્રશ્ન જ નહોતો.

એક દિવસ સવારમાં એ દિનુને ત્યાં આવી ચડ્યા. આંગણામાં ગાડી પાર્ક થયેલી જોઈને દિનુને અને એની પત્નીને ગૌરવ થયું. ચા-પાણી નંદનભાઈ પીતા નહોતા. લીંબુનું પાણી માંડ પીધું. ઘરમાં નજર ફેરવીને પછી બોલ્યા, "તમારે ઘરમાં હવે સ્ટીલનો પલંગ જોઈએ."

"લેવો જ છે અમારે," દિનુની પત્ની બોલી, "પણ..." એ બોલતાં-બોલતાં અટકી ગઈ. "નંદનભાઈ તો મિત્ર છે." દિનુ બોલ્યો, "શું છુપાવવું? પાંચસો રૂપિયા ભેગા કર્યા છે. હજુ બીજા ત્રણસો-ચારસો ભેગા થાય એટલે લઈ લઈએ."

"અરે!" નંદનભાઈને હસવું આવ્યું, "તમારે લેવો હોય ત્યારે કહેજો ને! હું તમને પાંચસોમાં આલાગ્રાંડ બનાવડાવી દઈશ. મારા ઓળખીતાની વર્કશૉપ છે. અગાઉથી પૈસા દઈને ઑર્ડર દેવો પડે. જો ગયે મહિને જ ચાર લીધા. બે મારા સાળાને અપાવ્યા. જોડીનાં પાંચસો."

"મને સરનામું આપો ને" દિનુ અધીરાઈથી બોલ્યો, "હું આપી આવું આજે જ. એટલા તો ઘરમાં છે જ."

"તમને એમ દાદ નહીં દે. સમજ્યા!" નંદને બંધ હોઠે મલકીને કહ્યું, "મારે જ જવું પડશે. મારે માટે છે એમ કહેવું પડશે. પૈસાય મારે જ દેવા પડશે અગાઉથી."

પતિ-પત્નીએ સામે જોયું. પતિએ સંમતિમાં આંખ ઝળકાવી. પત્ની ઝડપથી ઊભી થઈને કબાટ પાસે ગઈ. "આ લો નંદનભાઈ..." એ બોલી, "તમે જ લઈ જાઓ અને ઑર્ડર આપી દો, કહેજો કે સારા બનાવે."

"અરે રાખો ને." નંદનભાઈ બોલ્યા, "પૈસા હું આપી દઈશ."

"ના... ના..." પણ શું કામે? હાજર છે તો લઈ જ જાઓ ને? પછી વપરાઈ જશે."

નંદનભાઈએ હસતાં-હસતાં પૈસા ગજવામાં મૂક્યા. "ને મારી પાસે વપરાઈ જશે તો?"

"તો ઘોળ્યા..." દિનુની પત્ની બૈરાશાઈ રીતે બોલી, "તમે ક્યાં ભાગી જવાના છો? મોટી કંપનીના સાહેબ છો. પાંચસોને સાટે હજાર લઈ જશું."

"જરૂર..." નંદનભાઈ બોલ્યા અને ઊભા થયા. ગાડી પાસે આવ્યા. હમણાં જ નવો રંગ કરાવ્યો હતો. ગાડી ચકચકતી હતી. પાછળ પડદા પણ નખાવ્યા હતા.

"માણસ કમાઈ પણ જાણે છે, ખર્ચી પણ જાણે છે." દિનુ બોલ્યો.

■

"ચારેક માસ પછી દિનુ નંદનભાઈની ઑફિસે ગયો. "નંદનભાઈ પેલો પલંગ..."

"ભૂલી ગયો છું... તમારા પૈસા... એ બોલતાં-બોલતાં ફાઈલમાં ગૂંથાઈ ગયા.

"કંઈ વાંધો નહીં... પછી આવીશ." દિનુ ઊઠી ગયો.

વળી એકાદ માસ પછી...

"નંદનભાઈ, પલંગ લેવો છે. પેલા પૈસા..."

"ચા લેશો કે કૉફી?"

"ગમે તે ચાલશે."

કૉફીનો ઑર્ડર આપીને નંદનભાઈ બોલ્યા, "બૅન્કમાં પાંચ લાખ

પડ્યા હોય પણ ખિસ્સામાં પચાસ ન હોય, અમારું એવું...”

“ચેક આપી શકશો?”

“હવે પાંચસો રૂપરડી માટે બૅન્કમાં એન્ટ્રી ક્યાં પાડવો? લઈ જજો ને ગમે ત્યારે.”

“ગમે ત્યારે એટલે ક્યારે?”

“શું યાર તમેય? ગમે ત્યારે એટલે ગમ્મે ત્યારે...” એ બંધ મોંએ હસ્યા.

■

“ગમે ત્યારેનો અર્થ થાય છે, ક્યારેય નહીં.” દિનુ એની પત્નીને કહેતો હતો. “શું સમજી?”

પછી ધીરે રહીને બોલ્યો, “એ માણસ ખર્ચી પણ જાણે છે અને...” એ ફિક્કું હસ્યો, “મેળવી પણ જાણે છે.”

# હું નહોતો કહેતો

જીપની લાઇટનો શેરડો પડ્યો એટલે સૌ ટોળે વળીને ઊભા હતા તે થોડા વીખરાયા. જે ઝડપથી જીપ નજીક આવતી હતી એ જોઈને નાગજી ઠૂંઠા જેવો ડફોળેય સમજી ગયો કે પોલીસ લાગે છે.

પોલીસ જ હતી, પણ ભેગો અકબર અલી પણ હતો. સંધ્યાના ઉજાસમાં એનો સફેદ ઝભ્ભો સૌથી વહેલો ઝબક્યો, પાછળ ફોજદાર ઊતર્યા, એના પછી કૂદકો મારતા બે સિપાઈ.

અકબર અલીએ ફોજદારને ઉદ્દેશીને કહ્યું તે સૌને સંભળાયું. તે બોલ્યા, “હું તો કહેતો જ હતો કે માણસો ટોળે વળી ગયા હશે.”

“ટોળે વળી ન જાય તો શું આઘા ઊભા-ઊભા તમાશો જોવે?” એમ નાગજી ઠૂંઠો એવી રીતે બોલ્યો કે ફક્ત એની બાજુવાળાને જ સંભળાય. એટલામાં તો ગણગણાટ વધી ગયો અને ફોજદાર ઘાયલ માણસની પડખે જઈને ઊભા રહ્યા, એને ચોરાની ઓસરીમાં સૂવડાવ્યો હતો. સારીપટ ઘાયલ થયો હતો. મૂઢ માર જ લાગ્યો હતો એમ નહીં, લોહી પણ નીકળ્યું હતું. હજુ તો ભાનમાં હતા, પણ કઈ ઘડીએ સોં જતી રહે એ નક્કી નહોતું. ડૉક્ટરને બોલાવવા માણસ મોકલ્યો હતો.

સરપંચ આવીને ફોજદારની બાજુમાં ઊભા રહી ગયા. એમનું કહેવાનું હતું કે ઘાયલ થનાર દૂરના ગામના મિસ્ત્રીનો છોકરો હતો. નવી-નવી સાઇકલ લીધી હતી. હજુ એમાં ડાયનેમો બેસાડ્યો નહોતો. શહેર તરફથી આવતો હતો ત્યાં મોટરવાળાએ આંટી દીધો. આંટીને જૂનાગઢ દીમનો નીકળી ગયો. નંબર-બંબર જોવાણો નહીં. એટલી અક્કલેય કોનામાં હોય?”

“હું નહોતો કહેતો?” અકબર અલી બોલ્યો, “નંબર લખી જોવાનુંય કોઈને સૂઝ્યું નહીં હોય.”

સરપંચે જરા ચીડથી અકબર અલી સામે જોયું. વર્ષો પહેલાં અકબર અલી આ પંથકમાં બંગડીની ફેરી કરતો. પછી એમાંથી વધતો-વધતો સાડી-ચાદર સુધી પહોંચ્યો હતો. પછી એકાએક કૂદકો લાગ્યો. ટૂરિંગ ટોકીઝ લઈને આવતો થયો અને પછી એમાંથી જે ફલાંગ લગાવી તે ચૂંટણી આવી ત્યારે માઇક લઈને ચૂંટણીના પ્રચારે નીકળવા માંડ્યો, એમાં એને માંયલા તમામ ભેદ આવડી ગયા. ત્રણેક વરસમાં એને ધારાસભાની ટિકિટ મળી, પણ એના પક્ષની સરકાર છ મહિનામાં ઊથલી પડી, પણ છતાં અકબર અલી ધારાસભ્ય મટીને સામાન્ય નાગરિક ન બન્યો. માજી ધારાસભ્યની છેક મરણ સુધી ન ભૂંસાય તેવી છાપ એ વાપરવા માંડ્યો, 'માજી' શબ્દનું અર્થઘટન એ 'ભાવિ' તરીકે પણ કરાવતો. અલબત્ત, લોકો હવે એને અકબર અલી માજી ધારાસભ્ય જેવા લાંબા નામ વડે ઓળખવાને બદલે અકબર અલી માજી તરીકે ઓળખવા માંડ્યા હતા. ક્યારેક એકલું માજી પણ કહી લેતા.

સરપંચ અનુભવી હતા. એના ઓછાયામાં એ ન આવતા. એટલે આ 'માજી' પણ થોડો કતરાતો એનાથી.

ઘાયલ માણસે જરા સળવળીને પાણી માગ્યું. કોઈ દોડાદોડ પંચાયતની ઑફિસમાં જઈને માટલું ડખોળીને પાણી લઈ આવ્યું. અકબર અલી પાછળ બે હાથ જોડીને ઊભા હતા એ બોલ્યા, "હું નહોતો કહેતો! આવું થાય ત્યારે માણસને પાણીની ધખના ઊપડે."

અકબર અલીના શબ્દોમાં ન ગમે તેવી, અમંગળની ગંધ હતી. એટલે સરપંચે થોડી ફરિયાદ નજરથી ફોજદાર સામે જોયું. ફોજદારે મગાવેલી બે ખુરશી એ દરમિયાન આવી ગઈ. પોતે બેઠા અને 'માજી'ને બેસવાનો સંકેત કર્યો. સિપાઈઓ અને જમાદાર પંચનામું કરવામાં રોકાયા અને અકસ્માતની જગ્યાથી સાઇકલ કેટલે દૂર જઈને પડી હતી તેનું માપ કરવા માંડ્યા.

અકબર અલી 'માજી' ધીરેધીરે ફોજદાર સાથે વાતે વળગ્યો.

"આ ગામડાંઓની જમીન મેં પગ તળે ખૂંદી કાઢી છે. આ તાલુકો અઠ્ઠાવીસ ગામનો, પણ સૌથી ખરાબમાં ખરાબ ગામ આ અમારા

મતવિસ્તારમાં. આ ગામડું કાળી યાદીમાં, અહીં ચોરીયે એટલી થાય, ખૂનેય એટલા થાય ને દારૂય એટલો પિવાય. તમે તો પંદર દિવસથી આવ્યા છો, પણ તમારી પહેલાંના ફોજદાર રાણેસાહેબને પૂછી જોજો. અરે, પૂછવું શું કરવા જોવે! દફ્તર જ જોઈ લેજો ને, હું તો એમને કહેતો જ હતો કે આ ગામ તમને ચેનથી સૂવા નહીં દે."

ફોજદારે મૂછના કાકડાને વળ દેવા માંડ્યા. એમણે કરડાકીભરી નજરથી ગામલોકો સામે જોયું ને પછી ઘાયલ માણસ તરફ વળ્યા.

અકબર અલીએ ફરી શરૂ કર્યું, "આ ચોરા પાસેનો વળાંક ભારે જોખમી છે. હું તો કહેતો જ હતો કે અહીં કોઈ દિવસ કોઈનો ભોગ લેવાવાનો છે. આ બાજુના ગામના મિસ્ત્રીના છોકરાને પણ ઓળખું. ગયે વરસે એનાં લગ્નમાં હું ઉપસ્થિત રહેવા ગયેલો ત્યારે લગ્ન કરીને મને પગે લાગવા આવેલો ત્યારે પહેલામાં પહેલી શિખામણ એને મેં આપેલી કે હવે માથે જવાબદારી આવી છે તો દારૂ છોડ, પણ એણે છોડ્યો નહીં હોય અને આજે જુઓ આ એનું પરિણામ."

વાતની કોઈ નવી કડી મળી, ફોજદારની લીંબુની ફાડ જેવી આંખો ચસકી. એમણે તરત જ પૂછ્યું, "તમને કેમ ખબર કે આણે દારૂ પીધો હતો?"

"હું શું કહું છું!" અકબર અલી બોલ્યો, "અરે સાહેબ, ગામના બચ્ચા-બચ્ચાને પગથી માથા સુધી ઓળખું, બોલો હજુ વધુ કહું?"

"કો'..." ફોજદારે મૂછનો કાકડો ચડાવીને કહ્યું.

અકબર અલી ભેદી વાત કરવા એમના તરફ લંબાયો, "તો સાંભળો, દારૂ પણ નવ્વાણું ટકા ઢીંચ્યો હશે. આ ગામના જ કોઈની સાથે ને એ પણ લગભગ આ સરપંચ સાથે જ, એને પકડો એટલે આખી વાતનો તાગ મળી જાય."

ફોજદારે સ્ટ્રીટલાઇટના ઝાંખા પ્રકાશમાં ચોરાની ઓસરીમાં બાઝેલા નાનકડાં ટોળાં તરફ નજર કરી. લાગતું હતું કે ઘાયલ થનારનું ભાન ચાલ્યું ગયું હતું ને સરપંચ એના તરફ જોઈને લગભગ એના કાન પાસે જ એને જગાડવા માટે એવી બૂમો પાડતા હતા "ગગજી એ ગગજી... ગગજી... એ ગગજી..."

"હું નહોતો કહેતો!" અકબર અલી બોલ્યો, "એ વધારે વખત ભાનમાં નહીં રહે."

જમાદારે આવીને સલામ ભરી. કહ્યું, "સાહેબ, સ્ટેટમેન્ટ અધૂરું હતું હતું ત્યાં જ બેભાન થઈ ગયો."

"ડૉક્ટરને બોલાવવા કોણ ગયું છે?" ફોજદારે પૂછ્યું.

"ગ્રામસેવક ગયો છે એમ સરપંચ કહે છે."

"પણ આટલી વાર? એક કલાક તો થયો."

ફોજદાર વધુ પૂછપરછ કરે એ પહેલાં અંધારામાં દૂરથી એક બત્તી કળાઈ, પછી ઘરઘરાટ થયો. વાહન પાસે આવ્યું. ત્યારે ખબર પડી કે મોટરસાઇકલ હતી અને એની ઉપર જ બેસીને ગ્રામસેવક ડૉક્ટરને બોલાવવા ગયા હતા, પણ એકલા જ મોટરસાઇકલ પરથી ઊતર્યા એ જોઈને સૌને નવાઈ લાગી.

"હું નહોતો કહેતો!" અકબર અલી બોલ્યા, "ડૉક્ટર નહીં આવે."

ગ્રામસેવકે ફોજદાર સામે ડરીને જોયું. પછી અકબર અલી સામે જોઈને અચકાતા અવાજે એ બોલ્યા, "ડૉક્ટર ઘેર હતા નહીં."

"ક્યાં ગયા હતા આવે ટાણે?" ફોજદારે ક્રુદ્ધ થઈને પૂછ્યું.

"એમનાં ઘરવાળાં એટલું બોલ્યાં કે..." ગ્રામસેવકે વળી અકબર અલી સામે પણ જોયું પછી છળી જઈને એ તરફથી નજર ફેરવી લીધી અને હિંમત એકઠી કરીને ફોજદાર સામે જોઈને બોલી ગયો, "કે અકબર અલીભાઈનો ફોન હતો કે ઝીણાવદાર ગામે ઍક્સિડન્ટ થયો છે, જલદી ત્યાં પહોંચો."

ઝીણાવદર? એ તો સાવ બીજી જ દિશામાં આવેલું ગામ હતું. અકબર અલીને કોઈક મોટરવાળાએ કહ્યું કે નેમાગઢ ગામે અકસ્માત થયો છે. એક મિસ્ત્રીનો છોકરો ઘવાઈને પડ્યો છે. એટલે એણે ફોજદારને ફોન કરતાં પહેલાં ડૉક્ટરને ખોટો ફોન કરી દીધો. નાનકડા કસબામાં આ એક જ સરકારી ડૉક્ટર, ને એને ઊંધી દિશામાં દોડાવ્યા? કારણ?

"હું નહોતો કહેતો?" અકબર અલી બોલ્યા, "કંઈક ગેરસમજ

થઈ લાગે છે.”

“તમે શું નહોતા કહેતા...” ફોજદાર અંગારા જેવા અવાજે બાળી નાખતી નજરે બોલ્યા, “ને કંઈ ગેરસમજ નથી થઈ... ચાલો ઊભા થાઓ...” એ ઊભા થયા. “બેસી જાઓ જીપમાં, જે કહેવું હોય એ પોલીસ સ્ટેશનમાં કહેજો.”

‘માજી’ અકબર અલીને લગભગ બાવડેથી પકડીને જીપમાં બેસાડ્યા, જમાદારને અને સિપાઈને અહીં જ રોકીને ફોજદારે જીપ મારી મૂકી ત્યારે સરપંચ દુઃખી સ્વરે બોલ્યા, “હું નહોતો કહેતો! એક દિવસ લાકડું લાકડાના ભારે જ ભાંગવાનું છે.”

# કોઈનેય નહીં કહું

ઊંઘ ઊડી ગઈ, અર્ધી રાત થઈ ગઈ. અજંપો થઈ ગયો. વિચાર-વિચાર થઈ ગયો મગજમાં. પાણી પી લેવાથી પણ શાંતિ થતી નથી. લખવા બેસી જાઉં?

શું લખે? લખેલું બધું નિરર્થક લાગે છે. કૉલમિસ્ટ છું એટલે કૉલમ માટે લખવું પડે છે. "આપણા અમર થઈ ગયેલા શહીદોની આખી સિરીઝ લખું છું. એમાં ઝાઝી મહેનત નથી. મસાલો તૈયાર છે. થોડા શબ્દો આમ, થોડા શબ્દો તેમ. એક જમાનામાં આપણે ત્યાં અનેક દેશભક્તો, ક્રાંતિકારીઓ, બૉમ્બથી ગાડી ઉડાવી દેનારા, મશીનગનોનો માર ઝીલનારા થઈ ગયા. યાદી મેળવી લીધી છે, વિગતો પણ ભેગી કરી લીધી છે. ક્યાં જન્મ્યા, ક્યાં મોટા થયા, ક્યાં ભણ્યા, ક્યાં આવા સંસ્કારને પામ્યા, ક્યાં, ક્યારે, કેટકેટલી વાર જેલવાસ વેઠ્યો, કેટલી વાર લાઠીઓ ખાધી, કેટલી વાર ગોળીઓ. પછી કેવા કાળની ગર્તામાં ખોવાઈ ગયા. પીડાયા અને સામાન્ય માણસને માટે ભુલાઈ ગયા, પણ આમ તો અમર જ થઈ ગયા ગણાય. હજુય આપણા જેવા નોંધ લે છે એટલે અમર તો કહેવાય જ. મોટી ફેરિસ્ત છે આવા સૌની. એમાંથી ગમે તે એકને ઉપાડીને શબ્દોની મશીનગન ચલાવું. મારનારા એમને મારી ગયા. મારું કામ અમર કરી દેવાનું.

પણ આજે ઊંઘ કેમ ઊડી ગઈ?

યાદ આવ્યું કે ઢળતી સાંજે લખતો હતો ત્યાં દરવાજો ખૂલ્યો હતો. દીકરી અંદર આવીને કહી ગઈ, "કોઈ મળવા આવ્યું છે. ડોસા છે. કહે છે કે મળવું જ છે. મોકલું?"

લખતો હોઉં ત્યારે બંધ બારણું કોઈએ ખોલાવવું નહીં તેવી સ્પષ્ટ સૂચના આપેલી છે. છતાં હવે કોઈ આવ્યું જ છે તો આવનારાની

ઉંમરને માન આપવું. “બોલાવ…” મેં કહ્યું ને મશીનગનને નીચે મૂકી. ભલભલા હરીફો આ કલમી મશીનગનથી હારી ગયા. મારા જેવો લેખક ક્યાં કોઈ બીજો છે કે ભુલાઈ ગયેલા શહીદો વિશે લખે!

ફરી બારણાંનો કિચૂડાટ થયો. ડોસા અંદર આવ્યા. મારા પિતા પહેરતા તેવો જ લાંબો કાળો કોટ, હાથમાં વૉકિંગ-સ્ટિક. બનવાજોગ છે કે કોઈ શહીદોના બાપા, ભાણેજ, ભાઈ, ભત્રીજા હોય એવા મારી પાસે આવે છે. આભાર માની જાય છે. કટિંગ-બટિંગ લઈ જાય છે.

“બેસો.”

ચીંધેલી ખુરશી પર બેઠા. થોડો શ્વાસ ખાધો. મને પૂછ્યું, “આપ જ મનોહર પાઠક?”

“હા,” મેં કહ્યું, “ફરમાવો.”

“હું લાલા મથુરાપ્રસાદ.” પછી ચશ્માં ઉતારીને મારી સામે ઝીણી આંખ કરીને જોયું, “નામ યાદ આવે છે?”

ઘણા લાલાઓ શહીદ બન્યા હતા. સાઠ-સિત્તેર વિશે તો મેં લખ્યું હતું. અત્યારે કેમ યાદ આવે કે એમાંથી એ કયા લાલાના બાપા કે કયા લાલાના કાકા?”

“મારી પાસે સમય ઓછો છે લાલાજી.” મેં કહ્યું, “લખવા બેઠો છું. આપ મહેરબાની કરી ટૂંકામાં પતાવો.”

“આપે મારા વિશે લખેલું છે.” એ બોખા મોંએ બોલ્યા ને મારા સામે તાકી રહ્યા. પછી ગજવામાંથી છાપાનું એક જૂનું કટિંગ ઘડી વાળેલું તે કાઢ્યું. એની ઘડી ઉકેલી. તેનું મેં દૂરથી સ્પષ્ટ હેડિંગ વાંચ્યું : “અમર શહીદ લાલા મથુરાપ્રસાદ.”

“એ કેમ બને?” મેં જરા અકળાઈને પૂછ્યું, “એ તો શહીદ થઈ ગયા. તો જ મેં એમના વિશે શહીદોની કૉલમમાં લખ્યું હોય ને?”

“શહીદ થઈ ગયા હોય અને આપ લખો એ બરાબર છે, પણ આપ લખો તે માટે કોઈ શહીદ થઈ જાય એ વાત…” એમણે અટકીને મને આંખથી નોંધીને પૂછ્યું, “એ વાત બરાબર લાગે છે?”

હું કશુંક બોલવાનો વિચાર કરતો જ હતો ત્યાં એ બોલ્યા, “હજુ

હું હયાત છું, આ રહ્યું મારું પેન્શનનું સર્ટિફિકેટ. તમારા ગામમાં જ, ભાવનગરમાં જ રહું છું.”

સર્ટિફિકેટ જોયું. લાલા મથુરાપ્રસાદના નામે જ હતું. એમાં જે ફોટો ચોડેલો હતો તે પણ આ ડોસાનો જ હતો. છેલ્લી પેન્શનની એન્ટ્રી ગયા જ મહિનાની હતી. દોઢસો રૂપિયાનું હતું. સ્વાતંત્ર્યસેનાની તરીકેનું હતું. સાથેના કાગળમાં જે વિગતો હતી તે મેં મારા લેખમાં લખ્યા પ્રમાણે જ હતી. જન્મસ્થળ, જન્મસાલ, જેલયાત્રાઓ અને ગોળીઓના જખમોની વિગતો બધું જ હતું. માત્ર મેં કલમમાંથી નીપજાવેલા મોતની નોંધ એમાં નહોતી, કારણ કે એ આવ્યું જ નહોતું. એની વાટ જોવાતી હતી.

“પણ...” હું યાદ કરવા માંડ્યો. ક્યાંથી મેળવી હતી. મેં એમની વિગતો? કશોક તો આધાર હશે જ ને! અમસ્તું હું લખું નહીં. “થોભો,” મેં કહ્યું. “હું જોઈ લઉં.” અને અભેરાઈ પરથી એક થોથું કાઢ્યું. ધૂળ ખંખેરીને એમાં “એલ”ની અનુક્રમણિકામાં આ લાલાનું નામ કાઢ્યું. વિગતો વાંચી અને એક આંચકો લાગ્યો. મરણની નોંધ એમાં ક્યાંય નહોતી! છાપેલા કૉલમમાં મરણની તારીખની જગ્યાએ માત્ર એક લીટો હતો ડેશ, એના અર્થ બે થાય, એક તો એ કે એ હજુ જીવે છે અને બીજો એ થાય કે મર્યા હોય તો મર્યાની તારીખ પાકી નથી. દેશભક્તોની તવારીખનું એ પુસ્તક હતું, બહુ જૂનું હતું. મારા હાથમાં આવ્યું ત્યારે એના પ્રકાશનને ત્રીસ વરસ થઈ ગયાં હતાં. શહીદો વિશે લખતી વખતે નામો હું એમાંથી શોધતો હતો. બીજી વિગતો પણ આ કિસ્સામાં એમ બન્યું હોય કે લાલા મથુરાપ્રસાદની જન્મતારીખ, જન્મસાલ જોતાં મને બહુ સહજપણે એમ લાગ્યું કે હોય કે એ મરી ગયા છે.

“પણ હું હજુ હયાત છું.” ડોસા બોલ્યા, “તમારી સામે જ બેઠો છું છતાં પુસ્તક શા માટે જુઓ છો?”

“હા, હા... પણ...” મેં ચશ્માં ચડાવીને કહ્યું, “હું તો જરા એ જોતો હતો કે મારી ક્યાં ભૂલ થઈ? મારી જ થઈ કે આ પુસ્તક લખનારની.”

"હું હજુ જીવું છું એનો તમને આનંદ નથી?" ડોસા જરા કડવા અવાજે બોલ્યા, "ખોટા પડ્યાનું દુ:ખ એટલું મોટું છે કે ભૂલમાંથી છટકવાનો અને બીજાને માથે ઢોળી દેવાનો પ્રયત્ન કરો છો?"

"એવું નથી," હું બોલ્યો, "આપના સદેહે દર્શન કરીને મને આનંદ થાય છે પણ..." હું એકદમ નરમ પડી ગયો, "આ તો લેખક તરીકેની મારી કારકિર્દી ઉપર એક ડાઘ પડે તો દુ:ખ તો થાય જ ને!"

થોડી વાર એ પણ કશું બોલ્યા નહીં. પછી કહે, "પણ હવે?"

"હવે શું કરું?" મેં કટિંગ હાથમાં લઈને કહ્યું.

"તમારા છાપામાં રદિયો આપો." એ બોલ્યા, "એમાં કંઈ વાંધો?" ને એમણે કરચલીવાળો ચહેરો મારી સામે વાંચવા માટે હોય એમ ધરી રાખ્યો.

મારા મનમાં અચાનક એક વાત ઊગી આવી, પણ બોલ્યો નહીં. બોલત તો એમ બોલત કે હવે તમે જીવો છો કે મરો છો તેની કોને પડી છે? મેં શહીદ બનાવ્યા છે તો બની રહો ને! શા માટે તમારા જ ટકા ઓછા કરો છો? કોઈ ફાયદો ખરો? શહીદ થઈ ચૂકેલા બધા કરતાં તો તમે જીવતાં જ ભાગ્યશાળી છો કે જીવતાં જ જગતિયું પામ્યા! તમારું નામ શહીદોની યાદીમાં વગર મર્યે વાંચવા મળ્યું. પેલા તો જંતર વગાડતા જ ગયા ને! મૂઆ પછી તો 'ન્યૂ યૉર્ક ટાઇમ્સ'માં ફોટો છપાય તોય શું?

પણ આ હૈયાવરાળ હતી. વરાળનો ખોબો ભરીને ધરાય નહીં. પીવા માટે તો ઠંડું પાણી જ દેવું પડે. મેં પ્રગટપણે કહ્યું, "લાલાજી, બીજો તો કશો વાંધો નથી, પણ આમાં થશે શું કે મારા લખાણની જે એક વિશ્વસનીયતા બંધાઈ છે તે ખલાસ થઈ જશે. મારી લેખક તરીકેની આબરૂ પર હરીફો પથરા મારશે. બીજા તો ઠીક, પણ મારો તંત્રી મને મેણાં માર્યા કરશે કે "લેખકશ્રી, તમારા લખાણને લખતાં પહેલાં માત્ર ચાખી જ નહીં, ચકાસી પણ જુઓ, નહીં તો કૉલમ બંધ કરવી પડશે." પછી વળી અટકીને હું બોલ્યો, "આ હું તમને મારી વાત કરું છું. બાકી આમ જો તમે બહુ કહેતા હો તો..." એ કહે તો પણ નહીં કરવાના પાકા નિર્ધાર સાથે મેં કહ્યું, "તમે કહો તેમ કરું, બસ!"

"હું તો શું કરું?" ડોસા બોલ્યા, "મારી સ્થિતિ હાલ બહુ કફોડી છે. આટલા સરકારી પેન્શનમાં તો પૂરુંય શું થાય? દીકરા-દીકરી કોઈ નથી. ઘર પણ ભાડાનું છે, સાજે-માંદે દવા કરનાર પણ કોઈ નથી. દેશ ખાતર આટઆટલા ભોગ આપ્યા અને... જમણા ખભા ઉપર આંગળી મૂકીને એમણે કહ્યું, "ત્રણ-ત્રણ ગોળીઓ ખાધી, જેલમાં ગયા તોય શું મળ્યું? એટલું જ ને કે જીવતાં છીએ તો પણ તમારા જેવા અમને મરેલા માને. એમાં અમારો કાંઈ દા'ડો વળ્યો? બે પૈસાય મળ્યા?"

એ બોલતા બંધ થયા ને મારી સામે જવાબ માગતી નજરે જોઈ રહ્યા અને તે જ ક્ષણે મારા મનમાં એક ઝબકારો થયો. ક્ષણભર વિચાર કર્યો ન કર્યો અને હું ઊભો થયો. ટેબલનું ખાનું ખોલ્યું. એમાંથી સો રૂપિયાની એક નોટ કાઢી. એમની પાસે જઈ, પ્રણામ જેવું કર્યું અને ધર્યું. બોલ્યો, "મને તમારા વિશેનું એ કૉલમ લખવાના સો રૂપિયા મળ્યા હતા. તમને..." એમની આંખોમાં આંખો પરોવીને હું બોલ્યો, "આ ચાલશે?"

ડોસાએ એક હાથ લાકડી પર ટેકવીને ટગર-ટગર નોટ સામે જોયા કર્યું. પછી બીજા કંપવા થયેલા હાથે નોટ ઉપાડી ઊભા થયા. કોટ ઠીકઠાક કર્યો અને પછી બારણાં તરફ ચાલ્યા. ત્યાં ઉંબરે પહોંચીને પાછું મારી તરફ જોયું. બોલ્યા, "થૅન્ક યૂ, તમે બેફિકર રહેજો. હું કોઈને નહીં કહું કે હું જીવું છું."

ડોસા આટલી ખાતરી આપીને ગયા તોય અર્ધી રાતે ઊંઘ કેમ ઊડી ગઈ? ને અજંપો કેમ થઈ ગયો?